ચાયનીઝ તુક્કલ/ લેન્ટર્ન તથા ચાયનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયનોલ થ્રેટ દોરીનું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ પર પ્રતિબંધ તથા તેની અમલવારી બાબત.

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

પરિપત્ર ક્રમાંક : HD/MIS/e-file/8/2025/0778/SB2

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર.

તા. 07 NOV 2025

**વંચાણે લીધા :**

(૧) નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષની રીટ પીટીશન(PIL) નં.૨૫૩/૨૦૧૬ કેસમાં થયેલ નામ. કોર્ટનો તા.૧૩/૦૧/૨૦૧૭નો હુકમ.

(૨) ગૃહ વિભાગનો તા.૧૭/૦૯/૨૦૨૫નો સમાનાંકી પરિપત્ર

(૩) નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષની રીટ પીટીશન(PIL) નં.૨૫૩/૨૦૧૬ કેસમાં થયેલ નામ. કોર્ટનો તા.૧૦/૧૦/૨૦૨૫નો હુકમ.

**પરિપત્ર :**

નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષની રીટ પીટીશન(PIL) નં.૨૫૩/૨૦૧૬ કેસમાં નામ. કોર્ટના તા.૧૩/૦૧/૨૦૧૭ના આદેશ અનુસાર પતંગ ઉડાડવા/ચગાવવાના હેતુથી ચાયનીઝ તુક્કલ/ લેન્ટર્ન તથા ચાયનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયનોલ થ્રેડ દોરી(જેને હવે પછી "પ્રતિબંધિત સાધનસામગ્રી" તરીકે દર્શાવેલ છે)નું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. આ બાબતે ગૃહ વિભાગના તા.૧૭/૦૯/૨૦૨૫ના સમાનાંકી પરિપત્રથી સૂચનાઓ બહાર પાડવામાં આવેલ હતી. જે પરિપત્ર સંબંધમાં નામ. ગુજરાત હાઈકોર્ટના તા.૧૦/૧૦/૨૦૨૫ના હુકમ અન્વયે નીચે મુજબ સ્પષ્ટીકરણ કરવામાં આવે છે :

**સ્પષ્ટીકરણ :**

"પતંગ ઉડાડવા/ચગાવવાના હેતુથી ચોખાના લોટ, મેંદો, છોડ આધારિત ગુંદર અને અન્ય સમાન

કુદરતી ઘટકો જેવા કુદરતી એડહેસિવની મદદથી કાચના પાવડરનું કોટિંગ કરેલ ઓછી તિક્ષ્ણ-શક્તિ ધરાવતો કોટનનો માંજો, જે સંપૂર્ણપણે તૂટી શકે તેવો હોય અને પરંપરાગત પ્રક્રિયા દ્વારા બનાવવામાં આવેલ હોય તથા તેમાં તમામ ઘટકો બાયો-ડિગ્રેડેબલ પદાર્થો હોવા જોઈએ તથા કોટનના દોરા પર કોટિંગ માટેનો કાચનો પાવડર ૧૦% થી વધુ ન હોવો જોઈએ, જ્યારે ઉકાળેલા ચોખાનો સ્ટાર્ચ ૩૦%, મેંદો ૩૬%, કુદરતી ગુંદર અને રંગ ૨૪% કોટેડ સામગ્રીનો હોઈ શકે તથા કાચનો પાવડર, જે કોટિંગ પદાર્થનો ૧૦% હોઈ શકે છે, પરંતુ, તે કોટનના માંજાના કુલ વજનના ૦.૫% થી વધુ ન હોવું જોઈએ તેવો કોટનનો માંજો/દોરી વાપરી વાપરી શકાશે. "

૨. વધુમાં, ગૃહ વિભાગના તા.૧૭/૦૯/૨૦૨૫ના સમાનાંકી પરિપત્રની અન્ય સૂચનાઓ યથાવત રાખવામાં આવે છે. તહેવારો દરમિયાન તેની ખાસ અમલવારી બાબતે સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવામાં આવે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

૩. આ તમામ સૂચનાઓ અંગેની અમલવારી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્યએ તેમના વડપણ હેઠળ જિલ્લા /શહેર વહીવટીતંત્ર સાથે યોગ્ય સંકલનમાં રહીને બિનચૂક કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(નિતિન સાંગવાન, IAS)
સંયુક્ત સચિવ(કા.વ્ય.)
ગૃહ વિભાગ

નકલ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ રવાના:

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- સર્વે પોલીસ કમિશ્નરશ્રી.
- સર્વે પોલીસ અધીક્ષકશ્રી.

નકલ રવાના :

- અધિક મુખ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી.

Signature valid
Signed by : NITIN SANGWAN
Joint Secretary
Home Department
Date : 2025.11.07 15:43:33 IST